## ચૂંટણી ચોતરેથી

● કોંગ્રેસના રાષ્ટ્રીય યુવા નેતાઓ સચીન પાયલોટ અને જ્યોતિરાજ સિંધિયા આજે અને આવતીકાલે ગુજરાતમાં ચૂંટણી પ્રવાસ કરશે.

● પ્રજાપતિ સમાજ દ્વારા વિજય રૂપાણીના ઉચ્ચારણો સામે ઉગ્ર વિરોધ કરાયો છે. વિજય રૂપાણીએ પ્રજાપતિ સમાજને પરચુરણ સમાજ કહેતા પ્રજાપતિ સમાજ ઉશ્કેરાયો છે.

● પાસના કન્વીનર હાર્દિક પટેલની વધુ એક સીડી બહાર આવતા રાજ્યભરમાં રાજકીય દંગલ જામ્યુ છે.

● કોંગ્રેસના નેતા શક્તિસિંહના સરદાર પટેલના ડીએનએ શબ્દ સામે ભાજપના યુવા મોરચા દ્વારા ઉગ્ર દેખાવો થયા.

● મહેસાણામાં દલિત સમાજના સ્નેહમિલન સમારોહમાં રાજકીય રંગ જોવા મળ્યો. જિગ્નેશ મેવાણી અને પાસના નેતા નરેન્દ્ર પટેલે સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા.

● ક્ષત્રિય-ઠાકોર અસ્મિતા મહા સંમેલન અમદાવાદના પ્રગતિ મેદાનમાં યોજાયુ હતુ.

● બગસરામાં પાટીદારો દ્વારા દિલિપ સંઘાણીનો જોરદાર વિરોધ કરાયો હતો. મહિલાઓએ થાળી વગાડી વિરોધ કર્યો હતો.

● પૂર્વ નાણાંમંત્રી યશવંત સિંહાએ અમદાવાદમાં અરૂણ જેટલી પર આકરા પ્રહારો કર્યા હતા. કોઈપણ જાતની તૈયારી વિના જીએસટી લાદવા સામે આક્રોશ ઠાલવ્યો હતો.

● આગામી ૧૭ કે ૧૮ તારીખે રાહુલ ગાંધીના અમદાવાદમાં રોડ શો ની શક્યતાઓને પગલે તૈયારીઓ આરંભાઈ છે.

● ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાના પ્રથમ દિવસે ત્રણ ઉમેદવારીપત્ર ભરાયા. એક કચ્છ અને બે ભાવનગરથી ઉમેદવારી પત્રો ભરાયા હતા.

# કોંગ્રેસની પાટીદારોને અનામતની ફોર્મ્યુલાને હાર્દિકની લીલીઝંડી

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતમાં પાટીદારોને અનામતના સંદર્ભમાં પાટીદાર અનામત આંદોલન સમિતિ **(PAAS)**ના નેતા હાર્દિક પટેલે **Congress**ની અનામતની ફોર્મ્યુલાને મંજૂર કરી લીધી છે.

આ ફોર્મ્યુલા ગુજરાતમાં પાટીદારોને અનામત આપવાના સંદર્ભમાં બનાવવામાં આવી છે. હાર્દિકે કહ્યું છે કે કોંગ્રેસના નેતા કપિલ સિબ્બલે તેને જે પ્રસ્તાવ આપ્યો છે, તેને અમે રિવ્યૂ કર્યા પછી તેને સ્વીકારી લીધો છે.

મીડિયાની સાથે વાતચીત કરતા હાર્દિક પટેલે કહ્યું કે, 'પાસ કોર કમિટીની બેઠક બાદ અમે જાહેરાત કરીએ છીએ કે પાટીદારોને અનામત આપવા માટે કપિલ




સિબ્બલ અને **Congress** પક્ષનો પ્રસ્તાવ યોગ્ય છે. અમે તેનો સ્વીકાર કરીએ છીએ. હવે અમે આ અંગે ગુજરાતના સામાજિક સંગઠનોની સાથે વાત કરીશું.

હાર્દિકે વધુમાં કહ્યું હતું કે, અમારો ઉદેશ્ય છે કે પાટીદારોને સંવિધાન અને બીજા કમિશનોની ભલામણોની ગાઈડ લાઈન્સ અંતર્ગત અનામત મળવી જોઈએ. જો અમે અનામતના કોંગ્રેસના ફોર્મ્યુલાને માનીએ તો તેનાથી પાટીદારોની સાથે અન્ય સમુદાયને પણ ફાયદો પણ થશે. કોંગ્રેસ આ મુદ્દાને તેમના ચૂંટણી મેનિફેસ્ટો (ઢંઢેરા)માં શામેલ કરી શકે છે.

હાર્દિકે કહ્યું હતું કે, દેશમાં એવો કોઈ કાયદો નથી, જે તે કહે છે કે ૫૦ ટકાથી વધુ અનામત ન આપી શકાય. અમે કોંગ્રેસના પ્રસ્તાવનો સ્વીકાર કરીએ છીએ. જો પટેલ મધ્યપ્રદેશમાં અનામત મેળવી શકતા હોય તો ગુજરાતમાં શું કામ નહીં?

પોતાની સેક્સ ટેપના આરોપ અંગે હાર્દિક પટેલે કહ્યું હતું કે, આ ક્લીપને ક્યાં બહારથી અપલોડ કરવામાં આવી છે. આ મોર્ફ છે. હું જલ્દીથી જ મારા પુરાવા રજૂ કરીશ. હું નપુંસક નથી, હું પુરુષ છું. જો હું નપુંસક હોત તો ખુલ્લેઆમ કહેત.

રાહુલ ગાંધીની સાથે મુલાકાત કર્યાનો ઈનકાર - અત્રે જણાવવું જરૂરી છે કે અનામતના મુદ્દા ઉપર હાર્દિક પટેલે ગુજરાતમાં ચળવળ શરૂ કરી છે. આ માટે તેઓએ કોંગ્રેસની સાથે વાત પણ કરી હતી કે પટેલોને અનામત આપવા માટે તેમની પાસે શું ફોર્મ્યુલા છે.

આ અગાઉ મીડિયામાં સમાચાર વહેતા થયા હતા કે હાર્દિક પટેલે કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની સાથે મુલાકાત કરી છે. જો કે હાર્દિક પટેલ દ્વારા સતત આ મુલાકાતનો ઈનકાર કરવામાં આવી



રહ્યો છે.

હાર્દિક પટેલ પ્રારંભથી કહી રહ્યો છે કે પાટીદાર અનામત આંદોલન સમિતિ તેનું સમર્થન કરશે કે જે તેમની શરતોને માનશે. આ અગાઉ તેણે ભાજપ ઉપર આરોપ લગાવ્યો હતો કે, તે ઘમંડી થઈ ગઈ છે અને લોકોની વાતને નથી સાંભળતી.



## મહેસાણામાં રોડ શો - કયા રાજકીય પક્ષને કેટલો ફાયદો કે નુકસાન ?

મહેસાણા વિધાનસભા મત ક્ષેત્રમાં ગત રોજ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના રોડ શો તેમજ જાહેર સભાને જોરદાર પ્રતિસાદ મળ્યો હતો. મહેસાણામાં રાહુલ ગાંધીને આવકારવા સ્વયંભુ જનમેદની ઉમટી પડી હતી. જેમાં ભાજપથી નારાજ મહિલાઓ સહિત મોટી સંખ્યામાં પાટીદારો જય સરદાર, જય પાટીદારના નારા સાથે કોંગ્રેસને સમર્થન આપતા નજરે પડ્યા હતા. જોકે, પીએમ નરેન્દ્ર મોદી કે હાર્દિક પટેલના રોડ શો કે સભા યોજાય તો પણ જનમેદની ઉમટી શકે છે. રાજકીય સમીકરણ પ્રમાણે પાટીદાર મત ક્ષેત્રોને બાદ કરતાં રાહુલ ગાંધીનો રોડ શો દલીત તેમજ ક્ષત્રિય સમાજની વર્ષોથી વોટ બેંક ધરાવતા વિસ્તારોમાં જોરદાર પ્રતિસાદ જોવા મળ્યો હતો. જે સમજી શકાય તેમ છે. પરંતુ, કડવી વાસ્તવિકતા તો એ છે કે, પાટીદાર અનામત આંદોલનના સમર્થક તેમજ ભાજપથી નારાજ પાટીદારોની કાલે રાહુલ ગાંધીના રોડ શો તેમજ જાહેર સભામાં જોવા મળેલી હાજરી તેમજ સમર્થન ભાજપને નોંધપાત્ર નુકસાન અને કોંગ્રેસને ફાયદો કરાવી શકે છે..!!

# સુરતમાં વિરોધોની મોસમ

ગુજરાત વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીની જાહેરાત બાદ સુરતમાં વિરોધની મૌસમ જામી રહી છે. સુરતમાં આજે ગુજરાતના મુખ્યમંત્રીના પૂતળાનું દહન કેટલાક પ્રજાપતિ યુવાનોએ કર્યું હતું. જ્યારે સરદાર પટેલના ડીએનએ હાર્દિક પટેલમાં છે તેવા નિવેદન બાદ શક્તિસિંહ ગોહિલ અને કોગ્રેસના પૂતળા દહન સુરતમાં થઈ રહ્યાં છે. ચૂંટણી પહેલા સુરતમાં પુતળા દહન સાથે વિરોધ પ્રદર્શનની સંખ્યાબંધ ઘટનાઓ થતાં પોલીસની દોડાદોડી વધી ગઈ છે.

પ્રજાપતિ સમાજ અંગે મુખ્યમંત્રીના કહેવાતા નિવેદન બાદ સુરતમાં ગઈકાલે મુખ્યમંત્રી વિરોધની રેલીમાં પ્રજાપતિ સમાજના અગ્રણીઓ ન જોડાતા રેલી ફિક્કી બની ગઈ હતી. પરંતુ આજે સુરતના વરાછા વિસ્તારમાં કેટલાક પ્રજાપતિ યુવાનો ભેગા થયાં હતા તેઓએ મુખ્યમંત્રી વિજય



રૂપાણીના પોસ્ટર પર પરચુરણ નાંખીને પોસ્ટર સળગાવ્યું હતું.

સમાજના અગ્રણીઓએ એવો દાવો કર્યો હતો કે સમાજને આ ઘટના સાથે કોઈ લેવા દેવા નથી. તો બીજી તરફ કોગ્રેસના શક્તિસિંહ ગોહિલે હાર્દિક પટેલમાં સરદાર પટેલના ડીએનએ છે તેવા નિવેદન અને હાર્દિકની સીડી ફરતી થતા ભાજપ અને કેટલાક પાટીદારો વિરોધ કરી રહ્યાં છે. સુરતના મોટા વરાછા સુદામા ચોક નજીક જય સરદાર જય જય પાટીદાર લખેલી ટોપીઓ સાથે કેટલાક યુવાનોએ શક્તિસિંહ ગોહિલ અને કોંગ્રસના પુતળાનું હદન કર્યું હતું. વરાછાના હીરા બાગ સર્કલ અને પુણાના અર્ચના સર્કલ પર ભાજપના કાર્યકરો દ્વારા સરદાર પટેલ કોંગ્રેસના નિવેદનનો વિરોધ કરીને પુણા અર્ચના સર્કલ નજીક કોંગ્રેસના પુતળાનું દહન થઈ રહ્યું છે. ભાજપ કોંગ્રેસના નેતાઓના પુતળા દહન સાથે વિરોધ પ્રદર્શન થતાં પોલીસની દોડાદોડી વધતી જઈ રહી છે.

# વિધાનસભામાં કોંગ્રેસ યુવાનોને વધુ ટીકીટો આપશે

**Gujarat** માં કેન્દ્રીય ચુંટણી પંચે બે તબક્કામાં તારીખ ૯ અને ૧૪ ડિસેમ્બરના રોજ ચુંટણીની તારીખ જાહેર કરી દીધી છે. જો કે ચુંટણીની જાહેરાત બાદ જ રાજકીય પક્ષો પણ હવે ઉમેદવાર પસંદગીની પ્રકિયામાં વ્યસ્ત જોવા મળશે. આ વખતે ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર જોવા મળી રહી છે. તેમાં પણ છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં સત્તામાં રહેલી ભાજપને ઉખેડી ફેંકવા માટે કોંગ્રેસે કમર કસી છે. તેમજ રાજયના હાલમાં ચાલી રહેલા આંદોલન અને નોટબંધી અને જીએસટી જેવા મુદ્દાને સહારે કોંગ્રેસ જીતની રણનીતિ બનાવવામાં વ્યસ્ત છે. તેવા સમયે આ ચુંટણી યુદ્ધમાં જીતવા માટે કોંગ્રેસે પણ રણનીતિ તૈયાર કરી છે. જેમાં આ વખતે ઉમેદવાર પસંદગીના અંદાજે ૪૦ ટકા જેટલા યુવાનોને સ્થાન આપવામાં આવશે. એટલે કે કોંગ્રેસ આ વખતે ચુંટણી યુવાનોને સહારે જીતવામાં માંગે છે. આ ઉપરાંત ગુજરાત કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ કહ્યું છે કોંગ્રેસની પ્રથમ યાદી ૧૬ નવેમ્બરના રોજ જાહેર કરશે. જયારે બીજી યાદી ૨૦ નવેમ્બર બાદ જાહેર કરવામાં




આવશે. કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ઉત્તર ગુજરાતની યાત્રા પૂર્ણ કરીને રાજ્યના ચારે ઝોનની યાત્રા પૂર્ણ કરી લીધી છે.

આ ઉપરાંત ગુજરાતના છેલ્લા બે વર્ષથી ચાલી રહેલા પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલે કોંગ્રેસને સમર્થનની બાંહેધરી આપી છે. જયારે ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર પણ કોંગ્રેસ સાથે જોડાયા છે અને યુવા દલિત નેતા જીગ્નેશ મેવાણી પણ કોંગ્રેસને સમર્થન આપશે.

જો કે હાલમાં જ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ કોંગ્રેસમાં ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા શરુ થઈ ચુકી છે. તેમજ આ અગાઉ પણ ગુજરાત કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે આ વખતે ઉમેદવાર પસંદગીના યુવાનોને વધુ પ્રાધાન્ય આપવામાં આવશે.

ગુજરાતમાં ચુંટણીની તારીખોની જાહેરાત સાથે જ દિલ્હીમાં સ્ક્રીનીંગ કમિટીના સભ્યો સાથે મુલાકાતની સીલસીલો શરૂ થવા લાગ્યો છે. જયારે કોંગ્રેસના સીનીયર નેતાઓના જણાવ્યા અનુસાર ગુજરાતમાં ૪૦ ટકા યુવાનોને ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવશે. એટલે કે ૧૮૨ વિધાનસભા બેઠકમાંથી અંદાજે ૫૬ બેઠકો પર યુવાનોને ચુંટણી મેદાનમાં ઉતારવામાં આવશે.

ગુજરાતમાં વસ્તીના આધારે જોવા જઈએ તો ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે. જેના લીધે જ કોંગ્રેસ આ વખતે જુના ચહેરાને દુર કરીને નવા યુવા ચહેરા સાથે ચુંટણી મેદાનમાં ઉતરવા માંગે છે. ગુજરાતના આ વખતે ૫૦ લાખ યુવાનો એવા છે કે જે પહેલીવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાના છે.

ગુજરાત કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીના મતે ગુજરાતની યુવાશકિત જે રાજયને યોગ્ય ઉચાઈ પર લઈ જવા માટે સક્ષમ છે. તેમના મતે યુવાશકિત જ બેરોજગારી, શિક્ષણમાં વેપારીકરણ અને ભ્રષ્ટ્રાચાર જેવી બદીઓ દુર કરવામાં મદદરૂપ થઈ શકે છે. રાજયની યુવા શકિત આંદોલન કરી રહી છે.

## કોંગ્રેસ દ્વારા રાજ્યભરમાં ડોર-ટુ ડોર પ્રચાર અભિયાન

ભાજપના ડોર ટુ ડોર કેમ્પેઈનને પગલે કોંગ્રેસે પણ આજથી આ રીતે પ્રચારના શ્રીગણેશ કર્યાં છે. કોંગ્રેસે રાજ્યમાં ઓછામાં ઓછા એક કરોડ લોકો સુધી પહોંચવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. ગુજરાત કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને પાર્ટી ઈનચાર્જ અશોક ગેહલોતે આજથી ડોર ટુ ડોર કેમ્પેઈન શરૂ કરતા અમદાવાદમાં નારણપુરામાં ઘરે ઘરે દસ્તક દીધી હતી. નારણપુરાને ભાજપનો ગઢ માનવામાં આવે છે. વળી આ મતવિસ્તારમાં અમિત શાહ સાતમી નવેમ્બરે ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન હેઠળ ઘરે ઘરે ફરી વળ્યાં છે.

## ભાજપના પ્રચાર વિડીયોમાં ઈના મીના-ડિકાથી માધવસિંહ સુધી

સોશ્યલ મીડિયામાં હાલ વીડિયો સૌથી વધુ ચાલે છે. અને આ જ કોન્સેપ્ટ પર સોશ્યલ મીડિયામાં યુવાનોને પોતાની તરફ વધુ આકર્ષિત કરવા માટે ગુજરાત વિધાનસભાની ચૂંટણી સમયે ભાજપ એક પછી એક નવા ચૂંટણી વીડિયો બહાર પાડી રહ્યું છે. જેમાં ગુજરાતના જાણીતા અભિનેતાઓ ભાજપની નીતિઓનો પ્રચાર કરતા જોવા મળે છે. આ વખતના



વીડિયોમાં ગુજરાતના જાણીતા કલાકાર મનોજ જોષી ભાજપના મુદ્દાઓને વીડિયો દ્વારા રજૂ કરતા જોવા મળી રહ્યા છે. ભાજપના આ નવા વીડિયોમાં કોંગ્રેસની ઉડાવવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસના યુવરાજની કોમેડી આગળ ભલ ભલા કોમેડિયન પાણી ભરે. તો સાથે જ ભૂતપૂર્વ કોંગ્રેસી મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી અને ખામ નીતિ પર પણ ટિપ્પણી કરવામાં આવી છે. વીડિયોમાં કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસ વર્ષોથી જાતિવાદની રાજનીતિ કરી દેશના ભાગલા પાડી રહ્યું છે. અને માધવસિંહની ખામ નીતિથી તેમણે ગુજરાતના લોકોને દૂર કર્યા. વધુમાં ગુજરાતના નવા નેતાઓ અલ્પેશ ઠાકોર, જીજ્ઞેશ મેવાણી અને હાર્દિક પટેલને પણ ઈના-મીના-ટીના જેવા નામ આપી તેમની પર પણ આરોપ કરવામાં આવ્યા છે. અને છેલ્લે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિકાસથી ભારતનો ઉદ્ધાર કરશે તેમ જણાવામાં આવ્યું છે. સાથે જ મહાત્મા ગાંધી, સરદાર પટેલની જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ નીલકંઠ બની અનેક ઝેર પીધા છે તેમ પણ આ વીડિયોમાં કહેવામાં આવ્યું છે.




## ખેડામાં શક્તિસિંહને સસ્પેન્ડ કરવાની માંગણી કરાઈ

ખેડા જિલ્લા ભાજપ દ્વારા આજે સરદાર પટેલના જન્મસ્થળે કોંગ્રેસના પુતળા દહનનો કાર્યક્રમ યોજાયો હતો. કોંગ્રેસના કહેવાતા બુદ્ધિજીવી અગ્રણી શક્તિસિંહ ગોહેલ દ્વારા હાર્દિક પટેલમાં સરદાર પટેલના ડી.એન.એ. હોવાનું જણાવીને સરદાર સાહેબનું ઘોર અપમાન કર્યું છે. સરદાર સાહેબનું અપમાન એ સમગ્ર વિશ્વના પાટીદારો અને સરદાર પ્રેમીઓનું અપમાન છે જેના વિરોધમાં આજે ભાજપ દ્વારા શક્તિસિંહ ગોહિલને કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવાની બુલંદ માગણી સાથે પુતળા દહનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ખેડા જિલ્લા ભાજપના પ્રમુખ અને સંસદ સભ્ય દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે વિધાનસભાની ચૂંટણીઓ ગુજરાતમાં યોજાવાની છે ત્યારે સત્તાની લાલસામાં કોંગ્રેસે બુદ્ધિનું દેવાળુ ફુંક્યુ છે. કોંગ્રેસના કહેવાતા બુદ્ધિજીવી શક્તિસિંહ દ્વારા સરદાર સાહેબના ડી.એન.એ. હાર્દિકમાં હોવાનું જણાવીને સરદાર સાહેબનું અપમાન કરાયું છે. આ ક્યારેય સાંખી લેવાય નહી. કોંગ્રેસે પોતાની લાજ બચાવવી હોય તો શક્તિસિંહને કોંગ્રેસમાંથી તાત્કાલીક સસ્પેન્ડ કરવાની માંગણી કરી હતી.

# વિજય રૂપાણીની સફળતા પછી ભાજપમાં ટીકીટ મેળવવા મેયરોની લાઈન લાગી છે

### અમદાવાદના મુકુલ શાહને ટીકીટ મળી ન હતી પરંતુ રૂપાણીને લોટરી લાગી

ગુજરાતમાં એક સમય હતો જયારે અમદાવાદના મેયર મુકુલ શાહે વિધાનસભાની ટીકીટ માગી હતી પરંતુ પાર્ટીએ તેમને ટીકીટ આપી ન હતી. ભાજપે વર્ષો પછી રાજકોટની બેઠક પર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરને ટીકીટ આપી અને આ મેયર એટલે આજના વિજય રૂપાણી. ગુજરાતના મુખ્યમંત્રી પદે બિરાજમાન છે તે વિજય રૂપાણીને પાર્ટીએ આનંદીબહેન પટેલના

**ગાંધીનગર સહિત છ મહાનગરોના મેયરો ધારાસભ્ય બનવા ઉત્સુક બન્યા છે**

રિપ્લેસમેન્ટમાં મુખ્યમંત્રી તરીકે પસંદ કર્યા હતા. આજે તેમના નેતૃત્વમાં વિધાનસભાની ચૂંટણી લડવામાં આવી રહી છે.

ભાજપનું સંગઠનનું કામ કરતા રાજકોટના મેયરને પાર્ટીએ પહેલાં રાજ્યસભામાં મોકલ્યા હતા પછી વિધાનસભાની ચૂંટણી લડાવી હતી. રાજકોટ બેઠકના ધારાસભ્ય અને ભાજપના સિનિયર નેતા વજુભાઈ વાળાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્ણાટકના રાજ્યપાલ બનાવ્યા પછી ખાલી પડેલી આ બેઠક પર વિજય રૂપાણીને પાર્ટીએ ટીકીટ આપી હતી અને તેઓ ચૂંટણી જીતી ગયા હતા.

રાજ્યના મુખ્યમંત્રી વિજય રુપાણીની રાજકીય સફરનો ગ્રાફ જોતા આ વખતે ચૂંટણી ટીકીટ મેળવવા માટે ભાજપના અનેક પૂર્વ મેયરો પણ મેદાનમાં આવ્યા છે. મુખ્યમંત્રી રૂપાણીને જેમ રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરાના પૂર્વ મેયરો પણ વિધાનસભાની ચૂંટણી લડીને ધારાસભ્ય કે મંત્રી બનવા માગે છે. અમદાવાદના હાલના મેયર ગૌતમ શાહે નારણપુરા અથવા એલિસબ્રિજ બેઠક પરથી ચૂંટણી લડવા માટે ટીકીટ માગી છે.

જ્યારે અમદાવાદના જ અન્ય એક પૂર્વ મેયર અમિત શાહે પણ વેજલપુર, નારણપુરા અથવા એલિસબ્રિજ માટે ટીકીટની માગણી કરી છે. તો અન્ય એક પૂર્વ મેયર કાનજી ઠાકોરે દાણીલિમડા અથવા અમદાવાદ પૂર્વથી વિધાનસભા બેઠક માટે ટીકીટ માગી છે. જ્યારે પૂર્વ મેયર આસિત વોરાએ મણિનગર બેઠક માટે દાવેદારી નોંધાવી છે. 'આ ઉપરાંત અન્ય પણ કેટલાક સ્થાનિક નેતાઓ છે જેઓ ભાજપની ટિકિટ પર વિધાનસભા ચૂંટણી લડવા માગે છે જેવા કે પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને ઔડા પ્રમુખ ભુપેન્દ્ર પટેલ ઘાટલોડિયાથી અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પ્રવિણ પટેલ અમરાઈવાડી અથવા નિકોલથી ચૂંટણી લડવા માગે છે.

અમદાવાદના મેયર ગૌતમ શાહે કહ્યું કે, 'જો પાર્ટી મને જવાબદારી આપવા માગતી હોય તો હું ધારાસભા લડવા માટે તૈયાર છું.' આવી જ સ્થિતિ કોંગ્રેસમાં પણ જોવા મળી રહી છે. કોંગ્રસના નેતા અને અમદાવાદના પૂર્વ મેયર હિંમતસિંહ પટેલ, હાલ **AMC**માં વિરોધપક્ષના નેતા દિનેશ શર્માએ પણ કોંગ્રેસ પાસે અમદાવાદની બેઠકો પરથી લડવા માટે ટીકીટ માગી છે. જ્યારે સુરત શહેરમાં મેયર અસ્મિતા શિરોયા અને પૂર્વ મેયર નિરંજન જાંજમેરાએ ભાજપની ટીકીટ પર વિધાનસભા લડવા માટે પક્ષ પાસે માગણી કરી છે. શિરોયા કરંજ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડવા માગે છે. જ્યારે વધુ એક પૂર્વ મેયર અને હાલ સુરત ઉત્તરના ધારાસભ્ય અજય ચોક્સીને ફરી એકવાર ટીકીટ મળશે તેવી આશા છે.

વડોદરામાં એવા લોકોનું લિસ્ટ ખૂબ લાંબુ છે કે જેઓ ધારાસભાની ટીકીટ ઈચ્છતા હોય અને શહેરના મેયર તરીકેની જવાબદારી પણ નિભાવી હોય. જેમા હાલના મેયર ભરત ડાંગરનો પણ સમાવેશ થાય છે. તે ઉપરાંત આકોટાથી પૂર્વ મેયર શબ્દશરણ બ્રહ્મભટ્ટ, વાડી શહેરની જી બેઠક પરથી સુનિલ સોલંકી, તો પૂર્વ સાંસદ બાલુ શુક્લા પણ ટિકિટવાંછુઓની લિસ્ટમાં છે. શહેરની મહિલા આરક્ષિત બેઠકો પર જો હાલના સ્નેહ મનિષા વકિલને ફરી ટીકીટ નહીં મળે તો પૂર્વ મહિલા મેયર જ્યોતિ પંડ્યા અને ભારતી વ્યાસ પણ આ લાઈનમાં છે.




ભરત ડાંગર કહે છે કે, 'શહેરના મેયર એક એવું વ્યક્તિત્વ છે જે શહેરમાં સૌથી વધુ જાણીતો ચહેરો બની જાય છે. કેમ કે નાના-મોટા દરેક કાર્યક્રમમાં, શેરીઓમાં મેયર જોવા મળે છે જેથી લોકો સાથે તેમનો સીધો સંપર્ક હોય છે. તેમજ શહેરમાં લોકોને કેવા પ્રકારની મુશ્કેલી પડી રહી છે તેનાથી પણ તેઓ અવગત હોય છે.' રાજકોટના હાલના મેયર ડો. જૈમન ઉપાધ્યાય કે જેઓ ટીકીટવાંછુઓમાં ગણાય છે તેમણે કહ્યું કે, 'મે વ્યક્તિગત રીતે ટીકીટ માગી નથી પરંતુ

**વર્તમાન સાથે ભૂતપૂર્વ પણ લાઇનમાં, શહેરી વિસ્તારની ટીકીટો માગી રહ્યાં છે**

ઘણા કાર્યકર્તાઓએ મારૂં નામ આગળ ધર્યું છે. જો પક્ષ મને આ જવાબાદરી સોંપશે તો હું પૂર્ણ નિષ્ઠા સાથે નિભાવીશ. એવી જ રીતે રાજકોટના પૂર્વ મેયર ઉદય કાનગડ અને ધનસુખ ભંડેરી પણ ટિકિટ માટે માગણી કરી રહ્યા છે.'

ભાવનગરના મેયર નિમુબેન બાંભણિયા ધારાસભાની ચૂંટણી લડવા ઈચ્છે છે. જામનાગરના પૂર્વ મેયર અમી પરીખે પણ ભાજપની ટિકિટ માગી છે. ગાંધીનગરના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા અને હાલના મેયર પ્રવિણ પટેલે પણ ભાજપ પાસે વિધાનસભાની ચૂંટણી લડવા માટે ટીકીટની માગણી કરી છે.